રવિવાર, 21 ડિસેમ્બર, 2025 પોષ સુદ એકમ

દૈનિક પલ્સ સાથે આગળ રહો.....

# દૈનિક પલ્સ

@dailypulsenews24 | www.dailypulse.org.in | 9909911175 | R.N.I.NO: GJGUJ/25/A1447

✸ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીશ ✸ ૧૧/૩ ૩જો માળ, સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા-૩૯૦૦૧૯ ✸ દૈનિક સોશિયલ આવૃત્તિ ✸

## ઓલપાડના અક્ષય રિસોર્ટમાં વિદેશી યુવતીઓ સાથેનું હાઈપ્રોફાઈલ રેકેટ પકડાયું: 8 યુવતીઓ મુક્ત

### સુરત: રિસોર્ટના નામે ચાલતું અનૈતિક કામણ; ઓલપાડમાં વિદેશી યુવતીઓનું મસમોટું નેટવર્ક ઝડપાયું

સુરતના ગ્રામ્ય વિસ્તારોમાં હાઈપ્રોફાઈલ દેહવિક્રયનો કારોબાર પૂરજોશમાં ચાલી રહ્યો હોવાની બાતમીના આધારે પોલીસે ઓલપાડના 'અક્ષય રિસોર્ટ' પર સર્જિકલ સ્ટ્રાઈક કરી છે. એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ અને પોલીસની સંયુક્ત ટીમોએ જોથાણ ગામના આ રિસોર્ટમાં ચાલતા વિદેશી યુવતીઓના હાઈપ્રોફાઈલ રેકેટનો પર્દાફાશ કર્યો છે.

તપાસમાં બહાર આવ્યું છે કે, સુનીલ યાદવ નામનો શખ્સ અને રિસોર્ટ માલિક અક્ષય ભંડારી મળીને થાઈલેન્ડની યુવતીઓને ભારત લાવી દેહવિક્રયના કાળા કારોબારમાં ધકેલતા હતા. ગ્રાહકો પાસેથી તગડી રકમ વસૂલી યુવતીઓને નામમાત્રના પૈસા અપાતા હતા. દરોડા સમયે રિસોર્ટમાંથી 8 વિદેશી યુવતીઓ મળી આવી હતી, જેમને સુરક્ષિત સ્થળે ખસેડાઈ છે. પોલીસે રિસોર્ટ માલિક સહિત કુલ 9 શખ્સોને દબોચી લીધા છે, જેમાં મહેસાણા અને અમરેલી પંથકના ગ્રાહકોનો પણ સમાવેશ થાય છે. સ્થળ પરથી ₹20.16 લાખની મતા કબજે લેવામાં આવી છે, જેમાં લક્ઝરી વાહનો અને ટેકનિકલ પુરાવા રૂપે 4 CCTV DVR નો સમાવેશ થાય છે. આ કિસ્સામાં રિસોર્ટ માલિક પુરાવા વગર જ રૂમો ફાળવતો હોવાનું પણ સામે આવ્યું છે. હાલ ફરાર મુખ્ય આરોપીઓને પકડવા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.




## પાલનપુરમાં ખેડૂત પરિવાર પર ખૂની હુમલો

પાલનપુરના રાજપુર ગામે પ્રેમ સંબંધની અદાવતમાં એક ખેડૂત પરિવાર પર ૮ શખ્સોએ હિંસક હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ખેતરમાં ઘૂસી આવેલા હુમલાખોરોએ મહિલાના પતિ પર પ્રેમલગ્નમાં મદદ કરવાનો આરોપ લગાવી તોડફોડ કરી હતી. હુમલા દરમિયાન મહિલાનો મોબાઈલ છીનવી લેવાયો હતો અને વચ્ચે પડનાર વડીલ તેમજ અન્ય સભ્યોને બેરહેમીથી માર મારવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઇજાગ્રસ્ત વડીલને પાલનપુર સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. ભોગ બનનાર રેખાબેન ચૌધરીની ફરિયાદના આધારે તંત્રએ તપાસ હાથ ધરી હુમલાખોરોને પકડવા તજવીજ શરૂ.

## વડોદરા: વિશ્વની સૌથી મોટી સોલર ડીશથી બિલ થશે શૂન્ય

ઉર્જાના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવા તરફ વડોદરાના મુની સેવા આશ્રમે એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે. આશ્રમમાં 500 ચો.મી.ની અદ્યતન સોલર ડીશ સ્થાપિત કરાઈ છે, જે વિશ્વની સૌથી મોટી સોલર કોન્સન્ટ્રેટર ડીશ હોવાનું મનાય છે. આ સિસ્ટમમાં બે મોટી ડીશ છે, જેમાં પ્રત્યેકમાં 300 નાના અરીસાઓ લગાવવામાં આવ્યા છે જે સૂર્યના કિરણોને કેન્દ્રિત કરી તીવ્ર ઉષ્મા ઉર્જા પેદા કરે છે. આ ટેકનોલોજીનો સૌથી મોટો ફાયદો એ છે કે તે પર્યાવરણને નુકસાન પહોંચાડ્યા વગર શૂન્ય ખર્ચે ઉર્જા પૂરી પાડે છે. તેનાથી દરરોજ 2000 લોકોની રસોઈ શુદ્ધ અને પ્રાકૃતિક રીતે તૈયાર થશે. આ ઉપરાંત, આશ્રમમાં આવેલી હોસ્પિટલ માટે 100 ટનનો એસી પ્લાન્ટ પણ આ જ સૌર ઉર્જાથી સંચાલિત થશે. અગાઉ આ પ્રક્રિયા માટે દરરોજ 1000 કિલો લાકડા અને મોટા પ્રમાણમાં વીજળી-ગેસનો વપરાશ થતો હતો, જે હવે ભૂતકાળ બની જશે.

આ પ્રોજેક્ટથી કાર્બન ઉત્સર્જનમાં ધરખમ ઘટાડો થશે અને સંસ્થાના લાખો રૂપિયાના બિલની બચત થશે. ડૉ. વિક્રમભાઈના મતે, આ ટેકનોલોજી હોસ્પિટલો અને મોટી સંસ્થાઓ માટે આશીર્વાદરૂપ છે કારણ કે તે ઓછી જગ્યા રોકે છે અને ગ્રીન એનર્જીનો શ્રેષ્ઠ વિકલ્પ પૂરો પાડે છે. વડોદરાની આ સિદ્ધિ પર્યાવરણ સુરક્ષાના વૈશ્વિક અભિયાનમાં મોટું યોગદાન આપશે.



## ખ્યાતિ હોસ્પિટલ કૌભાંડ: કાર્તિક પટેલની ડિસ્ચાર્જ અરજી રદ




અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓના જીવ જોખમમાં મૂકી આચરવામાં આવેલા કૌભાંડમાં આરોપી કાર્તિક પટેલ અને રાહુલ જૈનને મોટો ફટકો પડ્યો છે. ગ્રામ્ય કોર્ટે બંનેની મુક્તિ અરજી રદ કરી છે. તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ PMJAY યોજનાના નાણાં હડપવા માટે જાણીબૂઝીને ખોટી સર્જરી કરી હતી અને સરકારી ડેટા સાથે ચેડાં કરી આયુષ્માન કાર્ડ મેળવ્યા હતા. 6070 પાનાના ચાર્જશીટમાં મજબૂત પુરાવા હોવાથી ટ્રાયલ ચલાવવી જરૂરી હોવાનું કોર્ટે નોંધ્યું છે.

## CVM યુનિવર્સિટી: SP ગૌરવ જસાણીનું મૂલ્યનિષ્ઠા પર વિશેષ વ્યાખ્યાન



વલ્લભ વિદ્યાનગર સ્થિત સી.વી.એમ. યુનિવર્સિટીની વેમેડ કોલેજ ઓફ એજ્યુકેશન ખાતે આજના યુવાનોને સાચું માર્ગદર્શન પૂરું પાડવાના ઉમદા હેતુથી એક વિશેષ વ્યાખ્યાન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે આણંદના એસપી ગૌરવ જસાણી (IPS) ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે 'આજના યુવાનોમાં મૂલ્યોનું સિંચન' વિષય પર ભાર મૂકતા જણાવ્યું કે, આધુનિક સમયમાં શૈક્ષણિક ડિગ્રી કરતા મજબૂત નૈતિક મૂલ્યો અને સામાજિક જવાબદારીનું વહન સાચી સફળતાની ચાવી છે. વિદ્યાર્થીઓએ શિસ્તબદ્ધ જીવન જીવી રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપવો જોઈએ.

આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના પ્રમુખ ભીખુભાઈ પટેલની 75મી જન્મજયંતીની પ્રેરક ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે એસપી ગૌરવ જસાણી અને ભીખુભાઈ પટેલના હસ્તે કેમ્પસમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. ઇન્દ્રજીત પટેલ અને રજિસ્ટ્રાર ડૉ. સંદીપ વાલિયાના માર્ગદર્શન હેઠળ આ આખું આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. વિદ્યાર્થીઓએ પણ ઉત્સાહભેર આ શૈક્ષણિક અને પર્યાવરણીય કાર્યમાં સહભાગી થઈ પર્યાવરણ જતનના શપથ લીધા હતા.

## વડોદરા: 'તેરા તુજકો અર્પણ' હેઠળ ₹1.11 કરોડનો મુદ્દામાલ પરત

નાગરિકોની સુરક્ષા અને તેમની મિલકતની જાળવણી એ પોલીસની પ્રાથમિકતા છે, તેને ચરિતાર્થ કરતા વડોદરા ગ્રામ્ય પોલીસ દ્વારા ૨૦ ડિસેમ્બરના રોજ છાણી પોલીસ હેડક્વાર્ટર ખાતે 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ યોજાયો હતો. આઈજી સંદીપ સિંહ અને એસપી સુશિલ અગ્રવાલની પ્રેરણાથી યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૧૦ પરિવારોને તેમની કિંમતી ચીજવસ્તુઓ પરત મળતા ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. પોલીસે વિવિધ ગુનાઓમાં રિકવર કરેલી મિલકત ઉપરાંત સાયબર ક્રાઈમનો ભોગ બનેલા લોકોના નાણાં પણ ટેકનોલોજીની મદદથી પરત અપાવ્યા છે. કુલ ₹૧.૧૧ કરોડથી વધુની રકમ અને વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. વડોદરા ગ્રામ્ય પોલીસના આદેશ મુજબ તમામ પોલીસ સ્ટેશનોએ સક્રિયતા બતાવી CEIR પોર્ટલ દ્વારા ખોવાયેલા મોબાઈલ ફોન પણ શોધી કાઢ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પોલીસની લોકાભિમુખ છબી ઉપસાવવાનો અને નાગરિકોને તેમના હક્કો સરળતાથી અપાવવાનો છે. નાની છેતરપિંડીથી લઈને મોટા ગુનાઓ સુધી વડોદરા ગ્રામ્ય પોલીસે જે ત્વરિત કામગીરી કરી છે તે અનુકરણીય છે. ભોગ બનેલા નાગરિકોએ પોલીસની આ માનવીય અભિગમવાળી કામગીરીની મુક્તકંઠે પ્રશંસા કરી હતી, જે સુરક્ષિત અને સુદ્રઢ ન્યાય વ્યવસ્થાની પ્રતીતિ કરાવે છે.



## વડોદરા: ઓપરેશન પરાક્રમ હેઠળ પ્રોહિબિશનનો આરોપી ઝડપાયો



વડોદરા ગ્રામ્યમાં 'ઓપરેશન પરાક્રમ' હેઠળ મોટી સફળતા મળી છે. વાઘોડિયા પોલીસ મથકે નોંધાયેલ પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ત્રણ મહિનાથી નાસતા-ફરતા આરોપી મુકેશ રાઠવાની પેરોલ-ફર્લો સ્કવોડે છોટાઉદેપુરના સીહાદાગામથી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરા: આયુષ્માન કાર્ડથી 46 હજાર દર્દીઓને ₹1.20 અબજની સારવાર

## 'આયુષ્માન કાર્ડ' એટલે આરોગ્ય સુરક્ષાનું કવચ




વડોદરા: રાજ્ય અને કેન્દ્ર સરકારના સંયુક્ત પ્રયાસોથી ચાલતી પ્રધાનમંત્રી જન આરોગ્ય (PMJAY) યોજના વડોદરા જિલ્લામાં આરોગ્ય સેવાની નવી મિશાલ કાયમ કરી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લા અને શહેરી વિસ્તારોમાં હાથ ધરાયેલી સઘન ઝુંબેશને પગલે અત્યાર સુધીમાં 10,15,913 નાગરિકોના આયુષ્માન કાર્ડ જનરેટ કરવામાં આવ્યા છે. આ સિદ્ધિ દર્શાવે છે કે વડોદરાએ તેના નિર્ધારિત લક્ષ્યાંકનો 72 ટકા ભાગ પૂર્ણ કરી લીધો છે. આ યોજનાની વાસ્તવિક સફળતા તેના લાભાર્થીઓના આંકડાઓમાં છુપાયેલી છે. છેલ્લા એક વર્ષમાં વડોદરાના 46,366 ગંભીર દર્દીઓએ આ કાર્ડના માધ્યમથી અંદાજે ₹1.20 અબજની કિંમતની નિ:શુલ્ક સારવાર મેળવી છે. આ આંકડો સૂચવે છે કે હજારો પરિવારોને સારવાર માટે મિલકત વેચવાની કે દેવું કરવાની જરૂર પડી નથી. હોસ્પિટલોને પણ સરકાર દ્વારા સમયસર ₹1.09 અબજનું ચુકવણું કરી દેવામાં આવ્યું છે. વિશેષમાં, 70 વર્ષથી વધુ વયના 1,43,407 વરિષ્ઠ નાગરિકોને 'આયુષ્માન વય વંદના' કાર્ડ હેઠળ સુરક્ષિત કરવામાં આવ્યા છે, જે તેમને ગંભીર બીમારીઓ સામે આર્થિક સુરક્ષા પ્રદાન કરે છે. આ ઉપરાંત 'જી' કેટેગરીના 6,640 સરકારી કર્મચારીઓને પણ આ લાભ આપવામાં આવ્યો છે.

હાલમાં વડોદરામાં 58 સરકારી, 1 કેન્દ્ર સરકારી અને 47 ખાનગી એમ કુલ 106 હોસ્પિટલો આ યોજના હેઠળ જોડાયેલી છે. અહીં કિડની, કેન્સર અને હૃદયરોગ જેવી જટિલ સર્જરીઓ વિનામૂલ્યે ઉપલબ્ધ છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બાકીના પાત્રતા ધરાવતા લાભાર્થીઓ સુધી પહોંચવા માટે સતત પ્રયાસો ચાલુ છે. છેવાડાના માનવીને આધુનિક અને ગુણવત્તાયુક્ત સારવાર મળે તે સંકલ્પ સાથે વડોદરા જિલ્લો આરોગ્ય ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી રહ્યો છે.

## વડોદરા: ફતેહગંજમાં ₹3.31 લાખની ચાઇનીઝ દોરી ઝડપાઈ




વડોદરાના ફતેહગંજ વિસ્તારમાં પ્રતિબંધિત ચાઇનીઝ દોરીનું વેચાણ કરતા તત્વો સામે તંત્ર સજ્જ બન્યું છે. બાતમીના આધારે પારુલ પાર્ક સોસાયટી પાસે દરોડો પાડીને 662 નંગ ચાઇનીઝ દોરીની રીલ ઝડપી પાડવામાં આવી છે. આ જથ્થાની બજાર કિંમત ₹3,31,000 અંકાય રહી છે. આ મામલે બિપિનભાઇ પ્રભુચંદ્ર જાની નામના શખ્સની ધરપકડ કરવામાં આવી છે. પક્ષીઓ અને માનવીઓ માટે ઘાતક એવી આ દોરીના ગેરકાયદે વેચાણને રોકવા માટે વડોદરાના વહીવટી તંત્ર દ્વારા સઘન પેટ્રોલીંગ અને તપાસ તેજ કરવામાં આવી છે.

## ફાગવેલથી કોંગ્રેસની જન આક્રોશ યાત્રાના બીજા ચરણનો પ્રારંભ

રાજકીય ગરમાવો લાવતા કોંગ્રેસ પક્ષે ફાગવેલ ધામથી 'જન આક્રોશ યાત્રા'ના બીજા તબક્કાની શરૂઆત કરી છે. શ્રી ભાથીજી મહારાજ અને ત્યારબાદ ડાકોર રણછોડરાયના આશીર્વાદ મેળવી કોંગ્રેસ નેતાઓએ સરકાર સામે જંગ છેડ્યો છે.

પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ આકરા તેવરમાં જણાવ્યું હતું કે, ભાજપની ડબલ એન્જિન સરકાર ખેડૂતો સાથે 'ક્રૂર મજાક' કરી રહી છે. યુપીએ સરકારના ૭૨ હજાર કરોડના દેવા માફીના નિર્ણયને યાદ અપાવી તેમણે વર્તમાન સરકાર પાસે સંપૂર્ણ દેવા માફીની માંગ કરી છે. તેમણે મનરેગામાં થતા અબજોના ભ્રષ્ટાચાર અને ગાંધીજીના અપમાનનો મુદ્દો ઉઠાવી જનતા પાસે હિસાબ માંગવાની અપીલ કરી હતી. બીજી તરફ, વિપક્ષી નેતા તુષાર ચૌધરીએ જણાવ્યું કે, હવે જનતા ડર્યા વગર રસ્તા પર ઉતરી રહી છે. રાજ્યમાં તૂટતા બ્રિજ અને ભ્રષ્ટાચારથી શાસક પક્ષના ધારાસભ્યો પણ ત્રસ્ત છે. આ યાત્રા વડોદરા, છોટા ઉદેપુર અને દાહોદ જેવા આદિવાસી વિસ્તારોમાં ફરીને સરકારની 'વિકાસની પોલ' ખોલશે. ભરતસિંહ સોલંકી, જગદીશ ઠાકોર અને ગેનીબેન ઠાકોર જેવા નેતાઓની હાજરીએ આ યાત્રાને નવી તાકાત આપી છે. કોંગ્રેસનો દાવો છે કે આ યાત્રા ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં પરિવર્તનનો પાયો નાખશે.



**અમદાવાદ સિવિલ કોર્ટનો આદેશ: મોદી-અદાણીનો ડીપફેક વીડિયો પોસ્ટ કરનાર કોંગ્રેસ નેતાઓ સામે કાર્યવાહી**



## પત્રકાર એકતા પરિષદના અધિવેશનનું રિતેશ લાખાણીને આમંત્રણ

એકતા પરિષદે ગુજરાતમાં પત્રકારોના કલ્યાણ માટે એક અભૂતપૂર્વ અભિયાન શરૂ કર્યું છે. પત્રકારોની આર્થિક સ્થિતિનો અભ્યાસ કર્યા બાદ સંગઠને રાજ્યના 34 જિલ્લાના પત્રકારોને ₹10 લાખના અકસ્માત વીમા કવચથી સુરક્ષિત કરવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. ભાવનગર અને બોટાદ જિલ્લામાં આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે ભવ્ય જિલ્લા અધિવેશનનું આયોજન થઈ રહ્યું છે.

આ કાર્યક્રમમાં માત્ર સરકારી અધિકારીઓ કે રાજકીય નેતાઓ જ નહીં, પરંતુ સેવાના ક્ષેત્રે અગ્રેસર રહેતા સમાજ શ્રેષ્ઠીઓને પણ આમંત્રિત કરવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત, ભાવનગરના હીરા ઉદ્યોગના નામી યુવા ઉદ્યોગપતિ રિતેશ લાખાણીને પત્રકાર ટીમ દ્વારા રૂબરૂ મળીને અધિવેશનનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. પત્રકાર એકતા પરિષદનો ઉદ્દેશ્ય પત્રકારો પ્રત્યે સમાજમાં વિશ્વાસ વધારવાનો અને પત્રકાર જગતમાં એક ગૌરવપૂર્ણ માહોલ સર્જવાનો છે. મહિલા પત્રકારો માટે પણ વિશેષ વીમા પ્રીમિયમ ભરીને સંગઠને પત્રકારના પરિવારોની ચિંતા કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે, જેની સર્વત્ર પ્રશંસા થઈ રહી છે. **રિપોર્ટ : મનસુખ વાળા**



## મોરબી: મંત્રી કાંતિલાલ અમૃતિયાની ભ્રષ્ટાચાર સામે લાલ આંખ

મોરબીના ધારાસભ્ય અને રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે તેમના માટે જનસેવા સર્વોપરી છે. ઉમા ટાઉનશિપમાં યોજાયેલા અભિનંદન સમારોહમાં તેમણે ભ્રષ્ટાચાર મુક્ત વહીવટની હિમાયત કરી હતી. હાલમાં તેઓ અન્નનળીના કેન્સરની સારવાર મુંબઈ ખાતે લઈ રહ્યા હોવા છતાં, કાર્યકરોને સંબોધતા તેમણે કહ્યું કે મારી બીમારી જનસેવાના કામોમાં આડે નહીં આવે.

કાંતિલાલભાઈએ કડક શબ્દોમાં જણાવ્યું કે વિકાસના કામોમાં ગુણવત્તા સાથે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં. નબળા કામો કરનાર કોન્ટ્રાક્ટરો સામે કાયદેસરની કાર્યવાહી કરી તેમને બ્લેકલિસ્ટ કરવામાં આવશે. ખાસ કરીને હળવદ અને વાંકાનેર પંથકમાં ચાલી રહેલા કામો પર વિશેષ દેખરેખ રાખવા અધિકારીઓને આદેશ અપાયા છે. જિલ્લામાં ₹800 કરોડના નવા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવશે. વહીવટમાં પારદર્શિતા માટે તેમણે કાર્યકરોને દલાલોથી દૂર રહી સીધો જ સંપર્ક કરવા પ્રોત્સાહિત કર્યા છે. તેમની આ સિંહગર્જનાએ સાબિત કર્યું છે કે ભલે તેઓ આગામી બે મહિના રૂબરૂ હાજર ન રહી શકે, પરંતુ મોરબીના વિકાસની ગતિ અટકશે નહીં. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**મોરબીમાં કાંતિલાલ અમૃતિયાનો આદેશ: "વહીવટમાં દલાલો નહીં ચાલે, નબળું કામ કરનાર કોન્ટ્રાક્ટરો થશે બ્લેકલિસ્ટ"**

## વડોદરામાં પ્રોહીબિશન હેઠળ 31 દારૂના કેસ નોંધાયા

વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રોહીબિશન કાયદા અંતર્ગત નોંધપાત્ર કાર્યવાહી નોંધાઈ છે. શહેરમાં જુદી જુદી જગ્યાએ થયેલી તપાસ દરમિયાન કુલ 31 દારૂ સંબંધિત કેસ સામે આવ્યા હતા. આ દરમિયાન અંદાજે 45 લિટર દેશી દારૂ તેમજ 75 નંગ વિદેશી દારૂની બોટલો અને 111 ક્વાર્ટર મળી કુલ રૂ. 56,328નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. સાથે સાથે દારૂ પીધેલા 21 વ્યક્તિઓ સહિત કુલ 25 ઇસમોને અટકાવવામાં આવ્યા હતા. આ કાર્યવાહીથી શહેરમાં ગેરકાયદે દારૂના વ્યવહાર સામે ચેતવણીરૂપ સંદેશો પહોંચ્યો છે.

## લોનના પૈસા મુદ્દે મહિલા પર હુમલો, ધમકી

પાણીગેટ વિસ્તારમાં લોન સંબંધિત રકમની માગણી દરમિયાન ગંભીર વિવાદ સર્જાયો હોવાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદી નયનાબેન પંચાલે જણાવ્યું મુજબ, લોન કરાવી આપવાના બહાને લેવામાં આવેલા પૈસા પરત માંગતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. વાતચીત દરમિયાન બોલાચાલી ઝઘડામાં ફેરવાઈ, જેમાં મહિલાના ડાબા હાથના બાવળા પર બચકું ભરવામાં આવ્યું હતું તેમજ માથામાં મુક્કા મારી ઇજા પહોંચાડવામાં આવી હતી. આ સાથે જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનો આરોપ છે. ઘટનાને પગલે મામલો નોંધાયો.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## રાજકોટ: સંકલ્પસિધ્ધ હનુમાનજીનો ભવ્ય અને અલૌકિક શ્રિંગાર



રાજકોટના કાલાવડ રોડ પર બિરાજતા શ્રી સંકલ્પસિધ્ધ હનુમાનજી મહારાજ આજે અત્યંત મનોહર અને અલૌકિક શ્રિંગારમાં દર્શન આપી રહ્યા છે. સુંદર રંગીન વસ્ત્રો, મસ્તકે સાફો અને વિવિધ આભૂષણોથી સજ્જ દાદાનું સ્વરૂપ જોઈ ભક્તો ભાવવિભોર બન્યા છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

## રાજકોટ: દબાણ મુદ્દે વેપારીઓ લડાયક, 23મીએ બજાર અડધો દિવસ બંધ

રાજકોટ: 'રંગીલું રાજકોટ' ગણાતા શહેરની શાન સમાન જૂની બજારો અત્યારે વહીવટી નિષ્ક્રિયતાનો ભોગ બની રહી છે. લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ અને પરાબજાર જેવા મુખ્ય વેપારી મથકોમાં ગેરકાયદેસર પાથરણાવાળા, લારી-ગલ્લા અને રીક્ષાઓના ખડકલાએ વેપારીઓનો શ્વાસ રુંધ્યો છે. વારંવારની રજૂઆતો છતાં કોઈ નક્કર પરિણામ ન આવતા, હવે વેપારી એસોસિએશને આગામી ૨૩મી મંગળવારે હડતાલ અને ધરણા પ્રદર્શનનું એલાન આપ્યું છે.

લાખાજીરાજ રોડ મર્ચન્ટ એસોસિએશનની બેઠકમાં લેવાયેલા નિર્ણય મુજબ, ૨૭૦થી વધુ વેપારીઓ મંગળવારે બપોરે ૧ વાગ્યા સુધી પોતાના ધંધા-રોજગાર બંધ રાખી વિરોધ નોંધાવશે. સાંગણવા ચોકથી જૂની ખડપીઠ સુધીના રસ્તા પર હાલ એવી સ્થિતિ છે કે ટુ-વ્હીલર પણ માંડ નીકળે છે. રવિવારે તો આ રોડ રવિવારી બજારમાં ફેરવાઈ જાય છે. વેપારીઓનો આક્ષેપ છે કે પોલીસ અને મનપાના દબાણ હટાવ વિભાગના રાઉન્ડ માત્ર નામ પૂરતા હોય છે, જ્યારે ફેરીયાઓ બેફામ બનીને દાદાગીરી કરે છે. વેપારીઓની મુખ્ય માંગણી છે કે આ સમગ્ર વિસ્તારને કાયમી ધોરણે 'નો-ફેરીયા ઝોન' જાહેર કરવામાં આવે અને ત્યાં કાયમી પોલીસ ચોકી કે બંદોબસ્ત ફાળવવામાં આવે. અગાઉ તહેવારો સમયે તંત્રએ માત્ર થોડા દિવસો માટે દબાણો હટાવીને સંતોષ માન્યો હતો, પરંતુ લાંબે ગાળે સ્થિતિ વધુ વણસી છે. વેપારીઓ હવે છેલ્લી લડત લડવાના મૂડમાં છે અને મ્યુનિસિપલ કમિશનર તથા પોલીસ કમિશનરને આવેદનપત્ર પાઠવી આકરા પગલાંની માંગ કરશે. જો સમસ્યાનું સમાધાન નહીં આવે તો વેપારીઓએ વડાપ્રધાન સુધી રજૂઆત કરવાની અને આંદોલન વધુ તેજ કરવાની ચીમકી આપી છે. રાજકોટની હેરીટેજ બજારને બચાવવા માટે હવે વેપારીઓ મેદાને પડ્યા છે. **રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**

**રાજકોટની શાન ગણાતી બજારો દબાણોના ભરડામાં: વેપારીઓ ૨૩મીએ ઉતરશે રસ્તા પર**



## મુખ્યમંત્રીની PM મોદી સાથે બેઠક: વાઈબ્રન્ટ ગુજરાત પર ચર્ચા

ગુજરાતના સંગઠનાત્મક માળખામાં મોટા ફેરબદલની તૈયારીઓ વચ્ચે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીએ દિલ્હીમાં 'ક્રેડાઈ'ની નેશનલ કોન્ક્લેવમાં હાજરી આપ્યા બાદ વડાપ્રધાન સાથે ખાનગીમાં બેઠક યોજી હતી. આ મુલાકાતમાં જાન્યુઆરી ૨૦૨૬ માં ગુજરાતમાં યોજાનાર વૈશ્વિક કાર્યક્રમો અંગે રણનીતિ ઘડવામાં આવી હતી.

રાજકોટમાં ૧૦ થી ૧૩ જાન્યુઆરી દરમિયાન સૌરાષ્ટ્રની પ્રથમ રીજીયોનલ વાઈબ્રન્ટ કોન્ફરન્સ યોજાશે, જે સૌરાષ્ટ્ર-કચ્છના વ્યાપાર ઉદ્યોગ માટે 'ટર્નિંગ પોઈન્ટ' સાબિત થશે. વડાપ્રધાનની હાજરી સાથે વિવિધ દેશોના રાષ્ટ્રીય વડાઓ અને રાજદૂતો રાજકોટ આવે તેવા સંકેતો છે.

બીજી તરફ, ભારત-જર્મનીના સંબંધોને નવી ઊંચાઈ આપવા જર્મનીના ચાન્સેલર અમદાવાદની મુલાકાતે આવી રહ્યા છે. પતંગોત્સવ દરમિયાન તેઓ વડાપ્રધાન મોદી સાથે પતંગ ઉડાડે તેવો ખાસ સાંસ્કૃતિક કાર્યક્રમ પણ આયોજિત થઈ રહ્યો છે. સંગઠનાત્મક સ્તરે નવા પ્રદેશ પ્રમુખની વરણી બાદ હવે જિલ્લા અને મહાનગરની ટીમોના ગઠન અંગે વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ અંતિમ નિર્ણય લેવાઈ શકે છે. આ મુલાકાત સરકારની કામગીરી અને પક્ષના સંગઠન વચ્ચે સુમેળ સાધવાની દિશામાં એક મહત્વનું કદમ માનવામાં આવે છે. **રિપોર્ટ - હાર્દિક ચંદારાણા**



## ખેડા: રેન્જ IG વિધીબેન ચૌધરીની હાજરીમાં પોલીસ પરેડ યોજાઈ

ખેડા જિલ્લા પોલીસ દ્વારા વાર્ષિક નિરીક્ષણના પ્રસંગને એક શક્તિ પ્રદર્શનમાં ફેરવી દેવામાં આવ્યો હતો. અમદાવાદ રેન્જ આઈ.જી. વિધીબેન ચૌધરીના આગમન સાથે જ હેડક્વાર્ટર ખાતે શિસ્ત અને ગંભીરતાનો માહોલ જોવા મળ્યો હતો. જિલ્લા પોલીસ વડા વિજય પટેલની નિશ્રામાં યોજાયેલી આ પરેડમાં જવાનોના કદમતાલ અને ઉત્સાહ જોવા જેવો હતો.

આ નિરીક્ષણ માત્ર એક ઔપચારિકતા નહીં, પરંતુ પોલીસની ઇમરજન્સી પ્રતિસાદ ક્ષમતાનું પરીક્ષણ હતું. પરેડના અંતે, પોલીસ ટીમો દ્વારા વિવિધ પ્રકારની 'મોક ડ્રીલ' રજૂ કરવામાં આવી હતી. જેમાં આતંકી હુમલા કે કટોકટી જેવી સ્થિતિમાં નાગરિકોને કેવી રીતે બચાવવા અને સુરક્ષા કવચ પૂરું પાડવું તેનું બારીકાઈથી નિદર્શન કરાયું હતું.

રેન્જ IG વિધીબેન ચૌધરીએ વ્યક્તિગત રીતે હથિયારો અને સાધન સામગ્રીની જાળવણીની પણ સમીક્ષા કરી હતી. તેમણે જિલ્લા પોલીસ વડા સાથેની શુભેચ્છા મુલાકાતમાં પોલીસ વેલ્ફેર અને જિલ્લામાં કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. આ પ્રકારના વાર્ષિક આયોજનોથી પોલીસ જવાનોના મનોબળમાં વધારો થાય છે અને તેઓ નવી ઉર્જા સાથે જનતાની સેવામાં કાર્યરત રહે છે. ખેડા પોલીસની આ સજ્જતા આગામી પડકારોને ઝીલવા માટે તૈયાર હોવાની પ્રતીતિ કરાવે છે. **રિપોર્ટ : હસમુખભાઈ નાયક ખેડા,**



**સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫**

## ચિખોદ્રામાં સિગારેટ મુદ્દે ઝઘડો, લાકડીથી હુમલો

ચિખોદ્રાગામમાં દુકાન આગળ સિગારેટના મુદ્દે અચાનક ઉગ્ર વિવાદ સર્જાયો હોવાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદી સંદીપકુમાર મકવાણાના જણાવ્યા મુજબ, મોડી રાત્રે ત્રણ અજાણ્યા ઇસમોએ સાહેદ રાહુલ પાસેથી સિગારેટ માંગ્યા હતા. સિગારેટ આપ્યા બાદ પણ ગાળાગાળી શરૂ કરાતાં મામલો બગડ્યો હતો. બાદમાં એક યુવકે બોલેરો પિકઅપમાંથી લાકડી કાઢી સંદીપકુમાર તથા સાહેદ ચિરાગ સોલંકી પર હુમલો કર્યો હતો. લાકડીના પ્રહારથી બંનેને ઇજાઓ પહોંચી હતી. ઘટનાથી વિસ્તારમાં થોડા સમય માટે તણાવ ફેલાયો હતો.

## મકરપુરામાં મકાન વિવાદમાં મહિલાએ હુમલો સહન કર્યો

મકરપુરા વિસ્તારમાં મકાનને લગતા જૂના વિવાદે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. વિમલેશ યાદવના જણાવ્યા મુજબ, પાડોશમાં રહેતા લોકો મકાનનું તાળું હથોડીથી તોડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ ઘટનાનો વીડિયો ઉતારતા જ સામેવાળાઓ ઉશ્કેરાઈ ગયા હતા. દરમિયાન સુરેન્દ્ર યાદવે હાથમાં રહેલી હથોડીથી વિમલેશના માથાના ભાગે ઘા કર્યો હતો. હુમલામાં તેમને ઇજા પહોંચતા આસપાસના લોકોએ વચ્ચે પડી મામલો થંભાવ્યો હતો. ઘટનાને પગલે ફરિયાદ નોંધાઈ છે.

## ગોત્રીમાં ગાળાગાળી અને જાનથી મારી નાખવાની ધમકી

ગોત્રી વિસ્તારમાં મીરા સોસાયટી ખાતે મોડી રાત્રે ઉગ્ર ઘટનાનો બનાવ સામે આવ્યો છે. ફરિયાદી જૈમીન કનુભાઈ પરમારના જણાવ્યા મુજબ, આશીષ, મનીષ અને જલ્પા નામના વ્યક્તિઓએ તેમની સાથે અશોભનીય અને ગંદી ગાળાગાળી કરી હતી. આ દરમિયાન તેમને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું જણાવાયું છે. આ ઘટના રાત્રિના સમય દરમિયાન સોસાયટીમાં બની હોવાથી સ્થાનિક રહેવાસીઓમાં થોડો સમય તણાવ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં મામલો નોંધાયો છે અને આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સ્થાનિકોમાં શાંતિ જળવાઈ રહે તે માટે સતર્કતા વધારવામાં આવી હોવાનું જાણવા મળે છે.

## ગોત્રી રોડ વિસ્તારમાં મકાનમાંથી દાગીના ચોરીની ઘટના

ગોત્રી રોડની હરીનગર સોસાયટીમાં ચોરીની એક ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ, ચંદ્રીકાબેન શાહના મકાનમાં અજાણ્યા ચોરે બારીની લોખંડની ગ્રીલ તોડી પ્રવેશ કર્યો હતો. ઘરમાં પ્રવેશ કર્યા બાદ ચોરે મોતીના દાગીના, કપડાં, ચાદર તેમજ સી.સી.ટી.વી. રાઉટર સહિત કુલ રૂ. 37,500ની માલમત્તા ચોરી કરી લીધી હતી. ઘટનાની જાણ થતાં પરિવારજનો ચોંકી ઉઠ્યા હતા. આ બનાવથી વિસ્તારમાં સુરક્ષા અંગે ચિંતા ફેલાઈ છે. મામલો નોંધાયા બાદ આગળની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને આસપાસના સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે.

## કારેલીબાગમાં બંધ મકાનમાંથી દાગીના-રોકડની ચોરી

કારેલીબાગ વિસ્તારમાં બંધ મકાનને નિશાન બનાવી ચોરીની ઘટના સામે આવી છે. અશોક સોસાયટીમાં રહેતા મિતેષભાઈ રાણાના મકાનમાં અજાણ્યા ચોરે ગેરહાજરીનો લાભ લઈ પ્રવેશ કર્યો હતો. ઘરમાં લાકડાના ડ્રોઅરમાં રાખેલા સોનાના દાગીના તેમજ રોકડ રૂપિયા મળી કુલ રૂ. 1.12 લાખની ચોરી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. ઘટના સામે આવતા પરિવારજનોમાં અચાનક ચિંતા ફેલાઈ ગઈ હતી. આસપાસના રહીશોમાં પણ સુરક્ષા અંગે ચર્ચા શરૂ થઈ છે. ઘટનાની જાણ થતા મામલો નોંધાયો છે અને ચોર સુધી પહોંચવા માટે આસપાસના સીસીટીવી ફૂટેજ તેમજ અન્ય માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે.

## રાજગઢના લીલાબેન બન્યા 'કૃષિ સખી': 50 ખેડૂતોને પ્રેર્યા



રાજગઢ ગામના લીલાબેન ગલાભાઈ માલીવા આજે અનેક મહિલાઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. ગુજરાત સરકારના 'મિશન મંગલમ' અભિયાન હેઠળ 'કૃષિ સખી' તરીકે કાર્યરત લીલાબેને અત્યાર સુધીમાં 50 જેટલા ખેડૂતોને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા તૈયાર કર્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ ખેડૂતો ડાંગર, ઘઉં અને શાકભાજીનું ઝેરમુક્ત ઉત્પાદન મેળવી રહ્યા છે. ખેડૂતોને યોગ્ય ભાવ મળે તે માટે તેઓ દર ગુરુવારે વિશેષ વેચાણ સ્ટોલ પણ ચલાવે છે. આત્મનિર્ભર બનેલા લીલાબેને આ રોજગારી અને પ્લેટફોર્મ બદલ રાજ્ય સરકારનો આભાર માન્યો છે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

## વડોદરા: મિશન મંગલમ હેઠળ નંદેસરીની બહેનોની ₹24 લાખની કમાણી

વડોદરા: રાજ્ય સરકારના 'મિશન મંગલમ' અભિયાનનો મુખ્ય હેતુ મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવવાનો છે, અને વડોદરા જિલ્લાના નંદેસરી ગામે આ લક્ષ્યાંકને પરિપૂર્ણ કરીને બતાવ્યો છે. ગામના પ્રગતિશીલ મહિલા અગ્રણી કૈલાશબેન પરમાર અને તેમના 'ગણેશ સખી મંડળ'ની સફળતાએ આજે સમગ્ર પંથકમાં આકર્ષણ જમાવ્યું છે.

કૈલાશબેન પરમારના નેતૃત્વ હેઠળ કાર્યરત આ સખી મંડળમાં કુલ 715 બહેનો જોડાયેલી છે. આ મંડળ દ્વારા ગામમાં દૂધ મંડળીનું અત્યંત પારદર્શક અને સફળ સંચાલન કરવામાં આવે છે. હાલમાં આ મંડળીમાં 65 સક્રિય સભાસદો છે, જેઓ દરરોજ સરેરાશ 82 લીટર (ગાય અને ભેંસનું મળીને) દૂધ બરોડા ડેરીમાં ભરે છે. પશુપાલન અને દૂધ ઉત્પાદનને વૈજ્ઞાનિક ઢબે અપનાવીને આ બહેનોએ વાર્ષિક ₹24 લાખની માતબર આવક મેળવી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

આ સફળતા માત્ર આર્થિક આંકડા પૂરતી સીમિત નથી. આ સિદ્ધિના કારણે મંડળની બહેનો આજે સમાજમાં "લખપતી દીદી" તરીકે સન્માનભેર ઓળખાય છે. મંડળ દ્વારા કરવામાં આવતી નિયમિત માસિક બચત બહેનોને આકસ્મિક જરૂરિયાતો કે નવા વ્યવસાય માટે લોન મેળવવામાં મદદરૂપ થાય છે. કૈલાશબેન અને તેમની ટીમ પશુઓની યોગ્ય સંભાળ, પૌષ્ટિક આહાર અને સ્વચ્છ દોહણ પદ્ધતિ પર ખાસ ભાર મૂકે છે, જેના કારણે તેમના દૂધની ગુણવત્તા ઉત્તમ રહે છે.

મિશન મંગલમ યોજનાએ આ બહેનોમાં છુપાયેલી નેતૃત્વ શક્તિ અને આત્મવિશ્વાસને બહાર લાવવાનું કાર્ય કર્યું છે. જે મહિલાઓ અગાઉ આર્થિક રીતે પરિવાર પર નિર્ભર હતી, તેઓ આજે પરિવારને આર્થિક ટેકો આપી રહી છે. કૈલાશબેન પરમાર સતત અન્ય ગ્રામીણ મહિલાઓને પણ આત્મનિર્ભર બનવા પ્રેરિત કરે છે. તેમની આ સફર એ વાતનો પુરાવો છે કે દ્રઢ મનોબળ અને સામૂહિક મહેનત દ્વારા ગ્રામીણ ભારતની નારી આર્થિક સ્વાવલંબનના નવા શિખરો સર કરી શકે છે.





## કપડવંજ: ઘડિયા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓએ બનાવી વાનગી

શિક્ષણની સાથે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓના સુંદર સમન્વયના ભાગરૂપે કપડવંજ તાલુકાની ઘડિયા ગુજરાતી પ્રાથમિક શાળામાં વાનગી બનાવવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં આત્મનિર્ભરતા અને રાંધણકળા પ્રત્યે રુચિ જગાડવાનો હતો.

શાળાના આચાર્ય શ્રી દિનેશભાઈ પટેલના વિશિષ્ટ આયોજન હેઠળ બાળકોએ વિવિધ જૂથોમાં વહેંચાઈને પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી હતી. રસોડાના સાધનોનો સુરક્ષિત ઉપયોગ અને સ્વાદિષ્ટ રસોઈ બનાવવાની રીતો વિશે વિદ્યાર્થીઓએ આ નિમિત્તે પ્રાયોગિક શિક્ષણ મેળવ્યું હતું.

વિદ્યાર્થીઓએ બનાવેલી વાનગીઓને શાળાના સ્ટાફ અને અન્ય આમંત્રિતોએ નિહાળી હતી અને બાળકોના પ્રયત્નોને બિરદાવ્યા હતા. આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે આવા કાર્યક્રમોથી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ બહાર આવે છે અને તેમને નવા કૌશલ્યો શીખવાનો અવસર મળે છે. આજના આ વાનગી ઉત્સવે શાળામાં તહેવાર જેવો માહોલ સર્જ્યો હતો.



## વડોદરામાં બાઈક ચોરીની બે અલગ ઘટનાઓ સામે આવી

વડોદરાના જુદા જુદા વિસ્તારોમાં બાઈક ચોરીની બે ઘટનાઓ નોંધાઈ છે. હરણી વિસ્તારમાં વૈકુંઠ ગેટ નંબર-2 પાસે પાર્ક કરેલી કાળી રંગની બર્ગમેન સ્કૂટર ચોરી થઈ હોવાની ફરિયાદ મળી છે. ચોરી થયેલી સ્કૂટરની કિંમત અંદાજે રૂ. 60 હજાર હોવાનું જણાવાયું છે. બીજી ઘટના કારેલીબાગ વિસ્તારમાં સાલીમાર હોટેલ નજીક બની હતી, જ્યાં પાર્ક કરેલી હોન્ડા એક્ટીવા સ્કૂટર અજાણ્યા ચોરે ચોરી કરી લીધી હતી, જેની કિંમત અંદાજે રૂ. 50 હજાર છે. બંને ઘટનાઓથી વાહન માલિકોમાં ચિંતા ફેલાઈ છે. ઘટનાની નોંધ થયા બાદ ચોરોને શોધવા તપાસ શરૂ કરવામાં આવી છે.

## વડોદરા જિલ્લામાં બે માર્ગ અકસ્માતની ગંભીર ઘટનાઓ

વડોદરા જિલ્લામાં માર્ગ અકસ્માતની બે અલગ ઘટનાઓ સામે આવી છે. હરણી વિસ્તારમાં સુરતથી અમદાવાદ તરફ જઈ રહેલા માર્ગ પર એક કન્ટેનર ચાલકે અચાનક ઝડપથી વાહન ચલાવતા આઇસર પુલર સાથે ટક્કર થવાનો બનાવ બન્યો હતો, જેમાં વાહનને નુકસાન પહોંચ્યું હોવાનું જાણવા મળે છે. બીજી ઘટના કપુરાઈ વિસ્તારમાં નેશનલ હાઈવે-48 પર બની હતી, જ્યાં રસ્તો ક્રોસ કરી રહેલા એક પગપાળા વ્યક્તિને અજાણ્યા વાહને ટક્કર મારી હતી. ગંભીર રીતે ઇજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ બંને બનાવોથી માર્ગ સલામતી અંગે ફરી ચિંતા વ્યક્ત થઈ રહી છે.

## ગોધરા: પાક નિષ્ફળતાનું અપૂરતું વળતર, ખેડૂતોમાં ભારે રોષ

પંચમહાલના ગોધરા તાલુકામાં પાક નિષ્ફળ ગયા બાદ સરકાર દ્વારા જાહેર કરાયેલું વળતર અત્યંત ઓછું મળતા ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે. વિવિધ ગામોના સરપંચોએ કલેક્ટરને મળી રજૂઆત કરી છે કે વળતરની રકમ ખેતી ખર્ચ કરતા પણ ઓછી છે. ખેડૂતોએ અન્ય જિલ્લાઓની જેમ સમાન ધોરણે વળતરની માંગ કરી છે. જો યોગ્ય સહાય નહીં મળે તો ખેડૂતો દેવાના બોજ તળે દબાઈ જશે તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. તંત્ર પાસે આ મામલે તાત્કાલિક ફરી તપાસની માંગ ઉઠી છે.
**રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## મહીસાગર: મતદારયાદી સુધારણા હેઠળ ડ્રાફ્ટ યાદી જાહેર કરાઈ

મહીસાગર જિલ્લામાં મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ-2026 અંતર્ગત જિલ્લા કલેક્ટર અર્પિત સાગરે માન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી ડ્રાફ્ટ મતદારયાદી પ્રસિદ્ધ કરી છે. હાલ જિલ્લામાં 7,77,709 મતદારોનો સમાવેશ થયો છે, જ્યારે મૃત્યુ અને સ્થળાંતર જેવા કારણોસર 71,750 નામો દૂર કરાયા છે. જિલ્લામાં મતદાન મથકોની સંખ્યા વધીને 1,034 થઈ છે. 18 જાન્યુઆરી, 2026 સુધી નાગરિકો નવા નામની નોંધણી કે સુધારા માટે ફોર્મ ભરી શકશે. આખરી યાદી 17 ફેબ્રુઆરીએ પ્રસિદ્ધ થશે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



## ડીસા: સરયુનગરમાં 7 વીઘા સરકારી જમીન પર ભૂમાફિયાઓનું ખનન

ડીસા: બનાસકાંઠા જિલ્લામાં ભૂમાફિયાઓ એટલા બેફામ બન્યા છે કે હવે તેમને કાયદો કે વહીવટી તંત્રનો કોઈ ડર રહ્યો નથી. ડીસા તાલુકાના સરયુનગર ગ્રામ પંચાયત હદ વિસ્તારમાં જિયો પેટ્રોલ પંપની સામે આવેલા ભાગમાં એક ભયાનક ખનન કૌભાંડ સામે આવ્યું છે. અહીં અંદાજે સાત વીઘા જેટલી કિંમતી સરકારી જમીનને ભૂમાફિયાઓએ ખોદી નાખી છે અને મોટા પાયે ગેરકાયદેસર ખનન કરીને સરકારી તિજોરીને લાખો રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું છે.

ખનન થયેલી જમીનની સ્થિતિ જોતા સ્પષ્ટ જણાય છે કે આ પ્રવૃત્તિ લાંબા સમયથી ચાલી રહી છે. તેમ છતાં, બનાસકાંઠા ભૂસ્તર વિભાગ (Geology Department), ડીસા મામલતદાર અને નાયબ કલેક્ટરની કચેરી દ્વારા આજદિન સુધી કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જવાબદાર અધિકારીઓ જાણે આ સમગ્ર ગંભીર મામલે મૌન સેવીને બેઠા હોય તેવું ચિત્ર ઊપસી રહ્યું છે. આ નિષ્ક્રિયતાના કારણે લોકોમાં એવી ચર્ચા છે કે ભૂમાફિયાઓને વહીવટી તંત્રનું છૂટું આશીર્વાદ મળી રહ્યું છે. સ્થાનિક રહીશોમાં આ મુદ્દે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ગ્રામજનોની માંગ છે કે આ જમીન પર ગેરકાયદેસર રીતે કબજો કરી બેઠેલા અને ખનન કરી ખનિજ ચોરી કરનારા ઇસમોની ઓળખ કરી તેમની સામે તાત્કાલિક ધોરણે એફ.આઈ.આર. (FIR) દાખલ કરવામાં આવે. શું આ મામલે કલેક્ટર દ્વારા કોઈ સ્પેશિયલ તપાસ ટીમની રચના કરવામાં આવશે? કે પછી ભૂમાફિયાઓ આ જ રીતે સરકારી જમીનો પર ખનન કરીને પલાયન થઈ જશે? તંત્રની ઊંઘ ક્યારે ઉડશે અને ક્યારે આ ખનન માફિયાઓ જેલના સળિયા પાછળ હશે, તેની જનતા અત્યારે રાહ જોઈ રહી છે.



સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## બાલાસિનોરમાં કમળાનો આતંક: 243 કેસ, 18 પાણીના સેમ્પલ ફેઈલ

મહીસાગર જિલ્લાના બાલાસિનોર નગરમાં પીવાના પાણીની લાઈનોમાં ગંભીર લીકેજને કારણે લોકોના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે. નગરના વિવિધ વિસ્તારોમાં કુલ 43 સ્થળોએ પાઈપલાઈનમાં ભંગાણ હોવાથી ગટરનું ગંદુ પાણી પીવાના પાણીમાં ભળી રહ્યું છે. આ પ્રદૂષિત પાણીના સેવનથી નગરમાં કમળાએ ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે.

તાજેતરમાં કરાયેલી તપાસમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. તંત્ર દ્વારા લેવામાં આવેલા 31 પાણીના સેમ્પલમાંથી 18 સેમ્પલ ફેઈલ ગયા છે, જે દર્શાવે છે કે અડધાથી વધુ નગરમાં અશુદ્ધ પાણી સપ્લાય થઈ રહ્યું છે. સત્તાવાર આંકડા મુજબ, ચાલુ ડિસેમ્બર મહિનામાં જ કમળાના 243 કેસ નોંધાયા છે.

પરિસ્થિતિની ગંભીરતાને જોતા જિલ્લા આરોગ્ય વિભાગે 36 ટીમો બનાવી છે, જેઓ ઘરે-ઘરે જઈને સર્વે કરી રહી છે. જોકે, રોગના મૂળ કારણ સમાન પાણીના લીકેજની મરામત કરવામાં પાલિકા તંત્ર નિષ્ફળ સાબિત થઈ રહ્યું હોય તેવું જણાય છે. નગરજનોમાં ફફડાટ છે કે જો તાત્કાલિક અસરકારક પગલાં નહીં લેવાય તો આ રોગચાળો જીવલેણ સાબિત થઈ શકે છે. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



**બાલાસિનોરમાં પ્રદૂષિત પાણીથી કમળાનો ભયાનક રોગચાળો. 243 કેસ નોંધાયા અને 18 પાણીના સેમ્પલ અનફિટ જાહેર. તંત્રની કામગીરી પર સવાલો.**

## બાલાસિનોર બાર: રસિકભાઈ પંચાલ પ્રમુખ પદે બિનહરીફ વરણી

મહીસાગર જિલ્લાના બાલાસિનોર બાર એસોસિયેશન માટે ૧૯ ડિસેમ્બરનો દિવસ ઐતિહાસિક રહ્યો હતો. ગુજરાત રાજ્યની તમામ તાલુકા કોર્ટોમાં ચૂંટણીનો માહોલ હતો, ત્યારે બાલાસિનોરના વકીલ મંડળે સમરસતાનો રાહ અપનાવી હોદ્દેદારોની બિનહરીફ વરણી કરી છે.

લાંબા સમયથી સેક્રેટરી તરીકે વકીલોના પડતર પ્રશ્નો માટે લડત આપનાર અને મિલનસાર સ્વભાવ ધરાવતા રસિકભાઈ પંચાલે પ્રમુખ પદ માટે દાવેદારી નોંધાવી હતી. તેમના નેતૃત્વ પર વિશ્વાસ વ્યક્ત કરતા અન્ય કોઈ ઉમેદવારે ફોર્મ ન ભરતા તેમની બિનહરીફ વરણીની જાહેરાત કરવામાં આવી હતી. આ ટીમમાં ઉપપ્રમુખ તરીકે ટી.આર. કાજી અને સેક્રેટરી તરીકે એમ.એમ. બેલીમની પણ વરણી કરવામાં આવી છે.

નવનિયુક્ત પ્રમુખ રસિકભાઈએ જણાવ્યું હતું કે, તેઓ વકીલોની ગરિમા અને કોર્ટની કામગીરીમાં પડતી મુશ્કેલીઓના નિરાકરણ માટે હંમેશા તત્પર રહેશે. આ નિમણૂકને બાલાસિનોરના કાયદાકીય ક્ષેત્રમાં હર્ષભેર વધાવવામાં આવી છે અને સિનિયર તેમજ જુનિયર વકીલોએ ફૂલહાર કરી હોદ્દેદારોનું સ્વાગત કર્યું હતું. **રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**



**બાલાસિનોર બાર એસોસિયેશનની ચૂંટણીમાં રસિકભાઈ પંચાલ પ્રમુખ પદે બિનહરીફ ચૂંટાયા. વકીલ મંડળમાં ખુશીનો માહોલ.**

## દાહોદ: જેકોટ PHC દ્વારા 100 દિવસીય ટીબી નિર્મૂલન કેમ્પ યોજાયો

દાહોદ જિલ્લાને ટીબી મુક્ત કરવાના ઉમદા હેતુ સાથે આરોગ્ય વિભાગ દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેકોટ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કાર્યક્ષેત્રમાં આવતા રામપુરા અને ખોડવા ગામે ૧૦૦ દિવસીય ટીબી નિર્મૂલન ઝુંબેશ અંતર્ગત ખાસ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં અત્યાધુનિક મોબાઇલ ટીબી એક્સ-રે વાન દ્વારા ૨૩૮ જેટલા શંકાસ્પદ દર્દીઓના નિઃશુલ્ક ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ટીબી ઉપરાંત કેમ્પમાં આવતા નાગરિકો માટે વજન, ઊંચાઈ, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી વિવિધ સામાન્ય આરોગ્ય તપાસણીઓ પણ હાથ ધરવામાં આવી હતી. રિપોર્ટર નરેન્દ્રસિંહ ચૌહાણના જણાવ્યા મુજબ, જિલ્લા ક્ષય અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારીના સીધા માર્ગદર્શન હેઠળ આ આખી પ્રક્રિયા પાર પાડવામાં આવી હતી. મેડિકલ ઓફિસરથી લઈને આશા બહેનો સુધીના તમામ પાયાના કાર્યકરોએ ઘરે-ઘરે જઈને લોકોને આ કેમ્પનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા, જેના કારણે મોટી સંખ્યામાં ગ્રામજનોએ આ સેવાનો લાભ લીધો હતો.

**રિપોર્ટ : નરેન્દ્રસિંહ ચૌહાણ દાહોદ**




**દાહોદના જેકોટ PHC દ્વારા રામપુરા-ખોડવામાં ટીબી કેમ્પ યોજાયો. મોબાઇલ વાન દ્વારા 238 ટેસ્ટ અને અન્ય આરોગ્ય તપાસણી કરાઈ.**

## મફલીપુર પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાની મફલીપુર પ્રાથમિક શાળા પી.એમ.શ્રી.–ગુજરાત ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અને ગાણિતિક સમજ વિકસે તે હેતુથી યોજાયેલા કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 'ઇનવિઝિબલ ફાયર', 'થ્રીડી ગ્લાસ', 'ફ્લોટિંગ લેમન', 'સરફેસ ટેન્શન' અને 'થ્રીડી પ્રોજેક્ટર' જેવા મોડલ્સ ખાસ આકર્ષણ બન્યા હતા. સાથે સાથે હૃદય, ફેફસાં અને કિડનીના કાર્યરત મોડલ્સ રજૂ કરવામાં આવ્યા હતા. આચાર્ય બળદેવભાઈ ઝાલાના માર્ગદર્શન હેઠળ યોજાયેલો કાર્યક્રમ શિસ્તબદ્ધ અને આનંદદાયક માહોલમાં સંપન્ન થયો.

## હાજરી આધારિત ગ્રાન્ટથી શાળાઓ પર કડક નિયંત્રણ

ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે શાળાઓને મળતી સરકારી ગ્રાન્ટ વિદ્યાર્થીઓની વાસ્તવિક હાજરી સાથે સીધી રીતે જોડાશે. નવા પરિપત્ર મુજબ, લઘુમતી સહિત તમામ ગ્રાન્ટેડ શાળાઓ માટે આ નિયમ લાગુ પડશે. શહેરી વિસ્તારોમાં હાજરી 80 ટકાથી ઓછી થશે તો 25 ટકા ગ્રાન્ટ કપાશે અને 60 ટકાથી નીચે જાય તો સંપૂર્ણ ગ્રાન્ટ બંધ થશે. ગ્રામ્ય શાળાઓમાં 55 ટકા હાજરી જરૂરી રાખવામાં આવી છે, જ્યારે 40 ટકા કરતા ઓછી હાજરી નોંધાશે તો 100 ટકા ગ્રાન્ટ રોકાશે. સરકારનું માનવું છે કે આ પગલાથી માત્ર કાગળ પર ચાલતી શાળાઓ પર રોક લાગશે અને શિક્ષણની ગુણવત્તામાં સુધારો આવશે.

## ખેડા: પ્રતિબંધિત સ્મોકિંગ પેપર અને ગોગો કોન સાથે વેપારી ઝડપાયો

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા રાજ્યમાં ચરસ, ગાંજા કે અન્ય નશીલા દ્રવ્યોના સેવન માટે વપરાતા રોલિંગ પેપર અને ગોગો કોન પર કડક પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ પ્રતિબંધનો અમલ કરાવવા ખેડા-નડીયાદ એસ.ઓ.જી. ની ટીમે કમર કસી છે. ખેડા ટાઉન પોલીસ મથક હેઠળના કનેરા વિસ્તારમાં પ્રતિબંધિત વસ્તુઓનું છડેચોક વેચાણ થતું હોવાની બાતમીના આધારે પોલીસે સફળ રેડ કરી છે.

એસ.ઓ.જી. સ્ટાફના ચિરાગભાઈ અને કુંદનકુમારને મળેલી બાતમી મુજબ કનેરા બ્રિજ પાસે મેલડી કિરાણા સ્ટોરમાં આ પ્રવૃત્તિ ચાલતી હતી. પોલીસે ઓચિંતો દરોડો પાડી ત્યાંથી 25 વર્ષીય વેપારી વેલજીભાઈ ચુનારાને પકડ્યો હતો. તેની પાસેથી ગોગો સ્મોકિંગ કોન અને પ્રીમિયમ ક્વોલિટી સ્મોકિંગ પેપર સહિત કુલ 85 નંગ મુદ્દામાલ મળ્યો હતો. આ પ્રકારના પેપર અને કોનનો ઉપયોગ યુવાનો નશો કરવા માટે કરતા હોય છે, જેથી જાહેર આરોગ્ય અને સુરક્ષાને ધ્યાને રાખી સરકારે આ પ્રતિબંધ મૂક્યો છે. પોલીસે કુલ 850 રૂપિયાની કિંમતની પ્રતિબંધિત વસ્તુઓ જપ્ત કરી આરોપી વિરુદ્ધ બી.એન.એસ. 2023 ની કલમ 223 મુજબ ગુનો દાખલ કર્યો છે. ખેડા એસ.ઓ.જી.ની આ ત્વરિત કામગીરીથી પ્રતિબંધિત ચીજવસ્તુઓ વેચતા વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. પી.આઈ. ડી.એન. ચુડાસમાની ટીમે આ સફળ ઓપરેશન પાર પાડીને યુવાધનને નશાના માર્ગે જતું અટકાવવા મહત્વનું પગલું ભર્યું છે.

**રિપોર્ટ : મનુભાઈ. ખાંટ**



## એમડી ડ્રગ્સ કેસમાં આરોપીને 12 વર્ષની સજા

વર્ષ 2022માં નોંધાયેલા એમડી ડ્રગ્સ કેસમાં અમદાવાદ સિટી સેશન્સ કોર્ટના વિશેષ એનડીપીએસ ન્યાયાલયે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે આરોપી મોહમ્મદ ફારુક મેમણને 12 વર્ષની સખત કેદ અને 5 લાખ રૂપિયાના દંડની સજા ફટકારી છે. કેસની વિગતો મુજબ, આરોપી અમદાવાદના CTM વિસ્તારમાં સ્વિફ્ટ કારમાં એમડી ડ્રગ્સનું વેચાણ કરતો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી અંદાજે રૂ. 6.07 લાખની કિંમતનું 60.700 ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું હતું. આરોપીએ ડ્રગ્સ જાવેદશા પાસેથી મેળવ્યાનું જણાવ્યું હતું. કોર્ટે સાક્ષી અને પુરાવા આધારે આરોપી સામેના ગુનાને ગંભીર ગણાવી કડક સજા ફટકારી છે.

## સરકારી શાળાની આડમાં ધર્માંતર, આચાર્ય સસ્પેન્ડ

સુરત જિલ્લાના માંડવી પંથકમાં સરકારી શાળાની આડમાં ગેરકાયદેસર ધર્માંતરની પ્રવૃત્તિઓ સામે શિક્ષણ વિભાગે કડક કાર્યવાહી કરી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ડૉ. અરુણ અગ્રવાલે મુખ્ય આરોપી આચાર્ય રામજી ચૌધરીને તાત્કાલિક સસ્પેન્ડ કર્યા છે. સમગ્ર મામલાની તપાસ માટે TDOને જવાબદારી સોંપવામાં આવી છે. શાળાના પરિસરમાં નિયમવિરુદ્ધ પ્રવૃત્તિ થઈ હોવાની આશંકાને પગલે વધુ શિક્ષકોની સંડોવણી અંગે પણ તપાસ હાથ ધરાઈ છે.

## 28 વર્ષ જૂના હુમલા કેસમાં બે આરોપી ઝડપાયા

વર્ષ 1998માં માત્ર 200 રૂપિયાના ઝઘડામાં થયેલા જીવલેણ હુમલા કેસમાં લાંબા સમયથી ફરાર રહેલા બે આરોપીઓને સુરતથી બહારથી ઝડપી લેવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, બંને આરોપી ભાઈઓ વર્ષોથી મુંબઈના ગીચ વિસ્તારોમાં છુપાઈને રહેતા હતા. અનેક પડકારો વચ્ચે તેમની હાજરીની માહિતી મળ્યા બાદ ટીમે લાંબી રેકી કરી અને આખરે બંનેને કાબૂમાં લીધા. આ કેસમાં વર્ષો બાદ થયેલી કાર્યવાહીથી પીડિત પરિવારને ન્યાયની આશા ફરી જાગી છે.

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## ધોરાજી પોલીસનો સપાટો: રાજકોટથી નાસતો ફરતો આરોપી પકડાયો

રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જરની સૂચના હેઠળ ધોરાજી સીટી પોલીસે વોરંટના કામે નાસતા-ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવ હાથ ધરી છે. આ અંતર્ગત, વિસાવદર ફેમેલી કોર્ટના ફોજદારી પરચુરણ અરજી નંબર 96/2025 ના કામે ફરાર આરોપી ઇસ્તિયાક હબીબભાઈ પીંજારાને ટેકનિકલ અને હ્યુમન સોર્સની મદદથી રાજકોટથી દબોચી લેવાયો છે. પી.આઈ. કે.એસ. ગરચરના માર્ગદર્શનમાં ટીમે આરોપીને ઝડપી રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. **રિપોર્ટ : નયનભાઈ રાવરાની**



## ભાવનગર પત્રકાર પરિષદ: અધ્યક્ષ સ્થાને બિરાજશે જયવીરાજસિંહજી

ભાવનગર પત્રકાર એકતા પરિષદનું આગામી મહા અધિવેશન આ વખતે વિશેષ બનવા જઈ રહ્યું છે. આ અધિવેશનના અધ્યક્ષ સ્થાને મહારાજા કૃષ્ણકુમારસિંહજીના પ્રપૌત્ર યુવરાજ શ્રી જયવીરાજસિંહજી ગોહિલ ઉપસ્થિત રહેશે. જે પ્રકારે મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ "મારી પ્રજાનું કલ્યાણ થજો" એવા આશીર્વાદ આપ્યા હતા, તે જ પરંપરાને યુવરાજશ્રી પોતાની સરળતા અને પ્રજાપ્રેમ દ્વારા આગળ વધારી રહ્યા છે.

પત્રકાર જગતમાં તેમની સમયસૂચકતા અને સરળ સ્વભાવની સવિશેષ નોંધ લેવાઈ રહી છે. ગત વર્ષના અધિવેશનમાં પત્રકારો સાથેનું તેમનું ફોટો સેશન અને મૈત્રીપૂર્ણ વ્યવહાર આજે પણ સૌના સ્મરણમાં છે. યુવરાજશ્રી નાનામાં નાના વ્યક્તિના આમંત્રણને પણ માન આપે છે અને સમયના પાકા હોવાના કારણે કાર્યક્રમમાં હંમેશા સમયસર હાજર રહે છે. ગાડી ન ચાલે તેવા રસ્તાઓ પર પણ ચાલીને પહોંચી જવું તે તેમની



વિશેષતા છે. અધિવેશનના અધ્યક્ષ પદ માટે પત્રકાર એકતા પરિષદના હોદ્દેદારોનું આમંત્રણ સ્વીકારી તેમણે ફરી એકવાર પત્રકારો પ્રત્યેનો સ્નેહ પ્રગટ કર્યો છે. આ જાહેરાત બાદ ગુજરાતભરના પત્રકારોમાં ઉત્સાહનો માહોલ છે અને તેઓ આ મહા અધિવેશનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

## જૂનાગઢ: કલેક્ટરની બેઠકમાં વિસાવદરના પડતર પ્રશ્નોની ગુંજ

જૂનાગઢ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને તાજેતરમાં જિલ્લા ફરિયાદ અને સંકલન સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં વિસાવદર વિધાનસભા મતવિસ્તારની જનતાને મૂંઝવતી વિવિધ સમસ્યાઓ અંગે વિસ્તૃત રજૂઆત કરવામાં આવી હતી.

રીપોર્ટર આશિષ વસાવડાના જણાવ્યા અનુસાર, વિસાવદર પંથકના ખરાબ અને અધૂરા રસ્તાઓને કારણે લોકોને પડતી હાલાકીનો મુદ્દો કેન્દ્રસ્થાને રહ્યો હતો. આ ઉપરાંત, વિવિધ ગામોમાં આંગણવાડીના મકાનોની સ્થિતિ, ગ્રામ પંચાયતના નવા મકાનોની મંજૂરી અને ટાઉન પ્લાનિંગના અટકેલા પ્રોજેક્ટ્સ અંગે સંબંધિત વિભાગના અધિકારીઓ સાથે સીધો સંવાદ સાધવામાં આવ્યો હતો. ખેડૂતોને સ્પર્શતા માવઠા સહાયના પ્રશ્નો અને જમીન માપણીમાં પડતી મુશ્કેલીઓનો પણ બેઠકમાં ઉકેલ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ સાથે સસ્તા અનાજની દુકાનોમાં થતી ગેરરીતિની ફરિયાદો અને પોલીસ




વેલ્ફેર ફંડના યોગ્ય ઉપયોગ અંગે પણ ચર્ચા થઈ હતી. બેઠકના અંતે કલેક્ટર દ્વારા તમામ અધિકારીઓને પડતર સરકારી કામો સમયમર્યાદામાં પૂર્ણ કરવા અને લોકફરિયાદોનો ત્વરિત નિકાલ કરવા કડક સૂચના આપવામાં આવી હતી. **રિપોર્ટ આશિષ વસાવડા**

## આંકલાવ હાઈવે પર સ્પીડ બ્રેકર મૂકવાની માંગ


આંકલાવ શહેરમાંથી પસાર થતા આસોદર-ઉમેટા સ્ટેટ હાઈવે પર વધતી વાહન ગતિ અને અકસ્માતોને લઈને રજૂઆત કરવામાં આવી છે. શહેર ભાજપ મંત્રી સંદિપ શાહે માર્ગ અને મકાન વિભાગને લેખિત રજૂઆત કરી છે. પોલીસ સ્ટેશનથી 'માં નો રોટલો' હોટલ સુધીનો માર્ગ અત્યંત વ્યસ્ત હોવાથી અહીં વહેલી તકે સ્પીડ બ્રેકર અને ચેતવણી બોર્ડ મૂકવાની માંગ કરવામાં આવી છે, જેથી નાગરિકોની સલામતી સુનિશ્ચિત થઈ શકે.

## બોટાદ કોંગ્રેસ: કનુભાઈ જેબલીયા સતત ત્રીજીવાર મહામંત્રી

બોટાદ જિલ્લા કોંગ્રેસ સમિતિમાં સંગઠનલક્ષી ફેરફારોમાં ગઢડાના દિગ્ગજ આગેવાનોને મહત્વનું સ્થાન મળ્યું છે. ગઢડા નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને ક્ષત્રિય સમાજના મજબૂત નેતા કનુભાઈ જેબલીયાની જિલ્લા કોંગ્રેસના મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કનુભાઈ સતત ત્રીજી ટર્મથી આ જવાબદારી સંભાળી રહ્યા છે, જે તેમની પક્ષ પ્રત્યેની વફાદારી અને મજબૂત જનઘારા સૂચવે છે.

નિર્ણય મુજબ પૂર્વ સદસ્ય મુકેશભાઈ રાઠોડની પણ જિલ્લા કક્ષાએ સદસ્ય તરીકે વરણી કરવામાં આવી છે. ગઢડા શહેર કોંગ્રેસના કાર્યકરો અને પાલિકાના સભ્યો દ્વારા આ જાહેરાતને ફટાકડા ફોડી અને મોં મીઠા કરાવી વધાવવામાં આવી હતી. આ અવસરે શહેર પ્રમુખ કિશોરભાઈ વેલાણી, રમેશભાઈ રાઠોડ, ગોરાભાઈ ગોહિલ અને યુનુસભાઇ સહિતના નગરપાલિકા સભ્યોએ હાજર રહી શુભકામનાઓ પાઠવી હતી. ઉપરાંત કરશનભાઈ ચૌહાણ, નરેશભાઈ મકવાણા અને પી.ડી. પરમાર સહિતના જૂના અને નવા કાર્યકરોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ નિમણૂકથી ગઢડા પંથકમાં કોંગ્રેસનું સંગઠન વધુ મજબૂત થશે અને લોકપ્રશ્નોને વાચા મળશે.

**રિપોર્ટ : મનસુખ વાળા**



## ઉમરેઠ: સંતરામ મંદિરના 168મા વાર્ષિકોત્સવમાં ભક્તિનું ઘોડાપૂર

આણંદ જિલ્લાના ઉમરેઠમાં આવેલા સુપ્રસિદ્ધ શ્રી સંતરામ મંદિર ખાતે ડબલ મહોત્સવનો ઉમંગ જોવા મળ્યો હતો. મંદિરના 168મા વાર્ષિકોત્સવ અને નવનિર્મિત ભવ્ય મંદિરના રજત જયંતિ વર્ષ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં અનેક મહાનુભાવો ઉમટી પડ્યા હતા.

આ આધ્યાત્મિક અવસરે આંકલાવના કિરણકુમાર ગોહેલે ભગવાન શ્રી સંતરામજીના દિવ્ય દર્શન કર્યા હતા. મહોત્સવ દરમિયાન વિશ્વવંદનીય ભાગવત કથાકાર પૂજ્ય ભાઈશ્રી રમેશ ઓઝાના અમૃતવચનો અને આશીર્વાદ મેળવવાનું સૌભાગ્ય તેમને પ્રાપ્ત થયું હતું. સાથે જ અમદાવાદ જગન્નાથ મંદિરના પરમ પૂજ્ય મહંત શ્રી દિલીપદાસજી મહારાજ અને ઇફ્કોવાળા શ્રી દેવાંગભાઈ પટેલની વિશિષ્ટ ઉપસ્થિતિમાં તેમણે આત્મીય મુલાકાત લીધી હતી.

સંતો અને મહંતોના સાનિધ્યમાં યોજાયેલી આ મુલાકાત અંગે કિરણકુમાર ગોહેલે જણાવ્યું હતું કે, સંતોના આશીર્વાદ અને ભક્તોના મેળાપથી જીવનમાં નવી આધ્યાત્મિક ઉર્જાનો સંચાર થયો છે. ઉમરેઠના આ પવિત્ર ધામમાં દર્શનનો લ્હાવો મળવો એ પરમ સૌભાગ્યની વાત છે. આ મહોત્સવમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉમટી પડી 'જય સંતરામ'ના નાદથી વાતાવરણ ગુંજવી મૂક્યું હતું. **રિપોર્ટ : કિરણ ગોહેલ**



**ઉમરેઠના સંતરામ મંદિરે આધ્યાત્મિકતાની સરવાણી: કિરણકુમાર ગોહેલે મેળવ્યા પૂજ્ય રમેશભાઈ ઓઝાના આશીર્વાદ**

## ચોટીલા: ₹2.40 કરોડના લીલા લાકડા ભરેલા 15 વાહનો જપ્ત

ચોટીલા થી રાજકોટ તરફ જતા હાઇવે પર ગત મોડી રાત્રે નાયબ કલેક્ટર સહિતની ટીમે ફિલ્મી ઢબે દરોડા પાડીને લીલા લાકડાની હેરાફેરી કરતા 15 વાહનોને ઝડપી લીધા છે. આ વાહનો કોઈપણ પ્રકારની મંજૂરી કે વાહતુક પાસ વિના કિંમતી લીલા લાકડા ભરીને જઈ રહ્યા હતા. તંત્ર દ્વારા અંદાજે ₹2.40 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી ચોટીલા મામલતદાર કચેરી ખાતે ખસેડાયો છે. વાહન માલિકો અને ચાલકો વિરુદ્ધ 'સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન ધારો 1951' હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



**ચોટીલા હાઇવે પર તંત્રનો મેગા સપાટો: ₹2.40 કરોડના લીલા લાકડા ભરેલા 15 વાહનો સાથે માફિયાઓ પકડાયા**

સમાચાર અને જાહેરાત માટે સંપર્ક કરો ૯૯૦૯૯૧૧૧૭૫

## કેશોદમાં પોલીસની લાલ આંખ: ગોગો સ્મોકિંગ કોનનો જથ્થો ઝડપાયો

કેશોદ શહેરમાં યુવા પેઢીને નશાની ગર્તામાં ધકેલતા રોલિંગ પેપર અને ગોગો સ્મોકિંગ કોન જેવા પદાર્થો સામે પોલીસે કડક ઝુંબેશ શરૂ કરી છે. ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામાના અમલીકરણ માટે કેશોદ પોલીસ ઇન્સ્પેક્ટર પી.એ. જાદવની ટીમે વિવિધ પાન પાર્લરો પર તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન સિદ્ધાર્થ પેટ્રોલ પંપ પાસે આવેલી 'મયુરી પાન એન્ડ કોલ્ડ્રિંક્સ' નામની દુકાનમાંથી રોલિંગ પેપર અને પરફેક્ટ રોલ જેવા સાધનોનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ₹5,600ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી વેપારી રાજેન્દ્રભાઈ નારણદાસ વાસવાણી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ 223 મુજબ ગુનો નોંધ્યો છે. ઉલ્લેખનીય છે કે આ પેપર અને કોનમાં ટાઈટેનીયમ ઓક્સાઈડ અને ક્લોરીન બ્લીચ જેવા ઝેરી તત્વો હોય છે, જે સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી છે. આ કાર્યવાહી બાદ હવે સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે શહેરના દરેક ચા-પાનના ગલ્લાઓ અને કરિયાણાની દુકાનોમાં સઘન ચેકિંગ કરવામાં આવે જેથી યુવાધનને બચાવી શકાય.

**રિપોર્ટ : હર્ષ ભરડા કેશોદ**



## ભાવનગર: જામનગરની ચોરીનો નાસતો-ફરતો આરોપી ઝડપાયો

ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચની પેરોલ ફર્લો સ્કવોડને નાસતા-ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશમાં મોટી સફળતા મળી છે. જામનગર જિલ્લાના લાલપુર અને કાલાવડ રૂરલ પોલીસ મથકે નોંધાયેલ ચોરીના ગુનાઓમાં લાંબા સમયથી ફરાર આરોપી અજય ઉર્ફે અજયો પ્રવીણભાઈ ડાભીને બાતમીના આધારે ઘાંઘળી ચોકડી પાસેથી દબોચી લેવાયો છે. પોલીસે ટેકનિકલ સોર્સ અને બાતમીદારોની મદદથી આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીને વધુ તપાસ અર્થે સિહોર પોલીસ સ્ટેશન હવાલે કરવામાં આવ્યો છે.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



## ગુજરાતમાં મતદાર યાદી સુધારણા પૂર્ણ: 73.73 લાખ નામ કમી કરાયા




ગુજરાત મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી દ્વારા મતદાર યાદી સુધારણાનું કામ પૂર્ણ કરી ડ્રાફ્ટ લિસ્ટ જાહેર કરાયું છે. રાજ્યમાં 4.34 કરોડ મતદારોના ડેટાનું ડિજિટાઈઝેશન કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયા દરમિયાન ચોંકાવનારી વિગત સામે આવી છે કે કુલ 73.73 લાખ મતદારોના નામ વિવિધ કારણોસર કમી કરાયા છે.

નામ કમી થવાના કારણોમાં 18.07 લાખ મતદારોના અવસાન, 40.25 લાખ કાયમી સ્થળાંતર અને 3.81 લાખ બેવડા નામનો સમાવેશ થાય છે. જે મતદારોના નામ કમી થયા છે તેઓ ઓનલાઈન લિંક દ્વારા કારણ જાણી શકશે. જો તમારું નામ યાદીમાં નથી, તો ચિંતા કરવાની જરૂર નથી; 18 જાન્યુઆરી 2026 સુધીમાં વાંધા-દાવા રજૂ કરી શકાશે. નવું નામ ઉમેરવા માટે ફોર્મ-6, નામ કમી કરવા માટે ફોર્મ-7 અને સુધારા માટે ફોર્મ-8 ભરી શકાય છે. આગામી 17 ફેબ્રુઆરીએ આખરી મતદાર યાદી જાહેર કરવામાં આવશે. નાગરિકો ceo.gujarat.gov.in પર જઈને પોતાનું નામ અને નવું બૂથ ચેક કરી શકે છે. **રિપોર્ટ : શૈલેષકુમાર સોલંકી**

## કેવડિયાની ખાનગી શાળામાં ફી મુદ્દે હોબાળો, સમાજ દ્વારા આવેદન




નર્મદા જિલ્લાના કેવડિયા કોલોની વિસ્તારમાં આવેલી શ્રી હરિ ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ફરી એકવાર વિવાદોના ઘેરામાં આવી છે. શાળામાં અભ્યાસ કરતા બાળકોની ફી બાકી હોવાના બહાને શાળાના સંચાલકો દ્વારા બાળકોને શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે શાળાની બહાર કાઢી મૂકવામાં આવ્યા હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાને પગલે સ્થાનિકો અને વાલીઓમાં ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે.

આ બાબતની જાણ થતા જ સમસ્ત તડવી સેવા સમાજ સંઘના અગ્રણીઓ શાળાએ દોડી ગયા હતા. સમાજના અગ્રણીઓએ આક્ષેપ કર્યો છે કે શાળાના આચાર્ય જીગર પટેલ દ્વારા અવારનવાર ફી મુદ્દે બાળકો સાથે ગેરવર્તણૂક કરવામાં આવે છે, જે RTE (શિક્ષણનો અધિકાર) અધિનિયમ અને FRC ના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન છે. આજે સમાજ દ્વારા આચાર્ય અને કેમ્પસ ડાયરેક્ટર કુલદીપ ગોહિલને આવેદનપત્ર પાઠવી કડક શબ્દોમાં ચેતવણી આપવામાં આવી છે. શિક્ષણ જગતમાં આ પ્રકારે બાળકોને માનસિક ત્રાસ આપવાની ઘટનાને સભ્ય સમાજે વખોડી કાઢી છે અને તંત્ર પાસે ન્યાયની માંગ કરી છે.

## ગાંધીનગરમાં એસીબીનો મોટો સપાટો: સીઆઇડી ક્રાઇમના પીઆઇ 30 લાખની લાંચમાં ફસાયા

## વાગરા-પહાજ માર્ગ પર ખુલ્લા ફાટકે ટ્રેન દોડી, જાનહાનિ ટળી

ભરૂચ જિલ્લાના વાગરા-પહાજ માર્ગ પર રેલવે તંત્રની એક ભયાનક બેદરકારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં રેલવે ક્રોસિંગ પર ફાટક બંધ કરવામાં ન આવતા ખુલ્લા ફાટકે ટ્રેન દોડી હતી. સામાન્ય રીતે ટ્રેન આવવાના સમયે ફાટક બંધ કરી દેવાનું હોય છે, પરંતુ અહીં નિયમોને નેવે મૂકી સિસ્ટમની લાપરવાહીને કારણે લોકોના જીવ જોખમમાં મુકાયા હતા. ઘટના સમયે રસ્તા પર વાહનોની ભારે અવરજવર હતી. વાહનચાલકોને અંદાજ પણ નહોતો કે ફાટક ખુલ્લું હોવા છતાં ટ્રેન આવી જશે. સદનસીબે, ત્યાં હાજર કેટલાક જાગૃત નાગરિકો દેવદૂત બનીને આવ્યા હતા. તેમણે ટ્રેનને આવતી જોઈ તાત્કાલિક બૂમો પાડીને અને ઈશારા કરીને વાહનોને ટ્રેક પર જતા અટકાવ્યા હતા. જો નાગરિકોએ સમયસૂચકતા ન દાખવી હોત તો મોટી ટ્રેન દુર્ઘટના સર્જાઈ હોત. આ ઘટના બાદ રેલવેની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. સ્થાનિકોએ જવાબદાર અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. **રિપોર્ટ : શૈલેષકુમાર સોલંકી**

## બોરસદ: EMHS ટ્રસ્ટ દ્વારા સરદાર@150 "યુનિટી માર્ચ" યોજાઈ




બોરસદની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ઈ.એમ.એચ.એસ. ટ્રસ્ટ દ્વારા તારીખ 20/12/2025 ના રોજ એકતાના પ્રણેતા સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ટ્રસ્ટના પ્રથમ ચેરમેન રહી ચૂકેલા સરદાર સાહેબના આદર્શોને જન-જન સુધી પહોંચાડવા માટે "યુનિટી માર્ચ"નું આયોજન કરાયું હતું. આ રેલીમાં કેમ્પસના ટ્રસ્ટીગણ, વિવિધ શાળા-કોલેજના પ્રિન્સિપાલશ્રીઓ, શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાયા હતા. દેશભક્તિના નારા અને સરદાર સાહેબના સુવિચારો લખેલા બેનરો સાથે બોરસદ શહેરમાં ભ્રમણ કરી સૌએ રાષ્ટ્રીય એકતાનો સંદેશ વહેતો કર્યો હતો. **રિપોર્ટ : કિરણ ગોહેલ**

## વૃંદાવન શાળામાં પ્રામાણિકતાનું ઝરણું: વિદ્યાર્થીએ પરત કર્યા રોકડા



વિશ્વ મંગલમ અનેરા સંચાલિત વિનય મંદિર વૃંદાવન કેમ્પસમાં આજે પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું. શનિવારે સવારે ધોરણ-9 માં અભ્યાસ કરતા વિદ્યાર્થી મીત પ્રકાશભાઈ બોડાતને કેમ્પસમાંથી 1500/- રોકડા રૂપિયા મળી આવ્યા હતા. મીતે લાલચ રાખ્યા વિના તુરંત જ આ રકમ શાળાની ઓફિસમાં જમા કરાવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આ રકમ ધોરણ-12 ના વિદ્યાર્થી મેહુલ રાવળની હતી. પ્રાર્થના સભામાં આચાર્ય ડી. કે. પટેલ અને સ્ટાફ દ્વારા મીતની પ્રામાણિકતાને બિરદાવી તેનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું.

**રિપોર્ટ. સોમાજી ચૌહાણ**

# પાલીતાણા: તળેટી વિસ્તારમાં વિકરાળ આગ, મંડપનો સામાન ખાખ




યાત્રાધામ પાલીતાણામાં આજે રવિવારે અચાનક આગ લાગવાની ઘટનાથી ભયનો માહોલ સર્જાયો હતો. શહેરના જાણીતા તળેટી વિસ્તારમાં સુણતર ભુવન પાસે આવેલા એક ખાલી પ્લોટમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી. આ પ્લોટમાં મંડપ સર્વિસનો મોટો જથ્થો અને લાકડા તેમજ કાપડ જેવો જ્વલનશીલ સામાન રાખવામાં આવ્યો હોવાથી આગે પળવારમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

સ્થાનિકો દ્વારા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા પાલીતાણા નગરપાલિકાનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. આગ એટલી તીવ્ર હતી કે તેના ધુમાડાના વાદળો દૂરથી પણ સ્પષ્ટ દેખાતા હતા. ફાયર ફાઈટરોએ ચારેબાજુથી પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી. પ્રાથમિક અંદાજ મુજબ, મંડપનો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો છે, જેના કારણે લાખોનું નુકસાન થયાની આશંકા છે. સદનસીબે રજાનો દિવસ હોવા છતાં અને વિસ્તારમાં લોકોની અવરજવર હોવા છતાં કોઈ જાનહાનિ થઈ નથી, જે એક મોટી રાહતની વાત છે. હાલમાં આગ લાગવાના કારણો અંગે તપાસ હાથ ધરવામાં આવી છે કે આ શોર્ટ સર્કિટના કારણે લાગી હતી કે અન્ય કોઈ કારણોસર.

**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

**પાલીતાણાની તળેટીમાં સુણતર ભુવન પાસે ખાલી પ્લોટમાં ભીષણ આગ ફાટી નીકળી. મંડપનો કિંમતી સામાન બળીને ખાખ, જાનહાનિ ટળી.**

## ઉત્તરાયણ પૂર્વે અમદાવાદમાં પ્રતિબંધિત ચાઇનીઝ દોરી ઝડપાઈ



અમદાવાદ શહેરમાં ઉત્તરાયણના તહેવારમાં ચાઇનીઝ દોરીના ઉપયોગ પર પોલીસ કમિશનરે પ્રતિબંધ લાદ્યો હોવા છતાં કેટલાક તત્વો છૂપી રીતે તેનું વેચાણ કરી રહ્યા છે. ગોમતીપુર પોલીસે બાતમીના આધારે ટોપી મીલ ઢાળ પાસે આવેલી એક સ્ટીમ પ્રેસની દુકાનમાં આકસ્મિક દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન દુકાનમાંથી પ્રતિબંધિત ચાઇનીઝ દોરીના 179 રીલ મળી આવ્યા હતા, જેની બજાર કિંમત ₹44,750 આંકવામાં આવી છે.

પોલીસે આ ગુનામાં 21 વર્ષીય આરોપી શહેઝાદ મહેબુબભાઈ શેખની સ્થળ પરથી ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ જથ્થો ફૈસલ મણીયાર નામના શખ્સે પૂરો પાડ્યો હતો. પોલીસે બંને વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) અને જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. શહેરમાં ચાઇનીઝ દોરીને કારણે થતા અકસ્માતો રોકવા માટે પોલીસ હવે કડક મૂડમાં જોવા મળી રહી છે.

**રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

**અમદાવાદના ગોમતીપુરમાં પોલીસે રેડ પાડી 179 રીલ ચાઇનીઝ દોરી સાથે એકની ધરપકડ કરી છે. કુલ 44,750નો મુદ્દામાલ જપ્ત કરાયો**

## ભરૂચમાં ભૂકંપ: વહેલી સવારે જંબુસર પાસે 2.8ની તીવ્રતાનો આંચકો

ભરૂચ જિલ્લામાં શનિવારની વહેલી સવારે ભૂકંપનો આંચકો અનુભવાતા લોકોમાં ગભરાટનો માહોલ જોવા મળ્યો હતો. સત્તાવાર વિગતો મુજબ, સવારે 04:56 વાગ્યે આ આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા 2.8 માપવામાં આવી હતી. આ આંચકો ખાસ કરીને જંબુસર અને આસપાસના ગ્રામ્ય પંથકોમાં અનુભવાયો હતો

ભૂકંપ સંશોધન કેન્દ્ર (ISR) ના ડેટા મુજબ, ભૂકંપનું એપી સેન્ટર (કેન્દ્રબિંદુ) ભરૂચથી અંદાજે 45 કિમી દૂર અને જંબુસર નજીક લેટિટ્યુડ 22.008 N અને લોન્જીટ્યુડ 72.677 E પર નોંધાયું હતું. આ આંચકાની ઊંડાઈ જમીનથી 23 કિમી નીચે હોવાનું જાણવા મળ્યું છે. વહેલી સવારે આવેલા આ આંચકાને કારણે જે લોકો જાગતા હતા અથવા હળવી ઊંઘમાં હતા તેમણે ધ્રુજારી અનુભવી હતી. જોકે, ભૂકંપની તીવ્રતા ઓછી હોવાના કારણે ક્યાંય પણ મોટી દુર્ઘટના કે જાનહાનિના અહેવાલ મળ્યા નથી. તંત્ર દ્વારા હાલ પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

**રિપોર્ટ : શૈલેષકુમાર સોલંકી**

## અંજલિ ચાર રસ્તા: પોલીસ-મહિલા વિવાદ પાછળનું અસલી સત્ય




સોશિયલ મીડિયાના યુગમાં અડધી અધૂરી માહિતી ઘણીવાર ગેરસમજ ઉભી કરે છે. અમદાવાદના અંજલિ ચાર રસ્તા પર એક મહિલા પર પોલીસની દાદાગીરીનો વીડિયો વાયરલ થયો છે, જેમાં પોલીસકર્મી લાફો મારતા દેખાય છે. પરંતુ આ ઘટના પાછળની હકીકત તપાસતા જાણવા મળ્યું છે કે, ટ્રાફિક પોલીસે જ્યારે મહિલા પાસે લાયસન્સ માંગ્યું, ત્યારે મહિલાએ સામો સવાલ કર્યો હતો કે "તમે અસલી પોલીસ છો કે નકલી?"

પોલીસકર્મીએ પોતાનું આઈકાર્ડ બતાવવા માટે આપ્યું ત્યારે મહિલાએ તે આઈકાર્ડનો નીચે છૂટો ઘા કર્યો હતો. પોતાના સરકારી આઈકાર્ડનું અપમાન થતા પોલીસકર્મીએ સ્વમાન બચાવવા આવેશમાં આવીને મહિલાને લાફો ઝીંકી દીધો હતો. જોકે, વીડિયોમાં માત્ર લાફો મારવાની ઘટના જ કેદ થઈ હતી. ઘટના બાદ મહિલાને પણ પોતાની ભૂલ સમજાઈ હતી અને તેમણે લેખિતમાં માફી પત્ર આપીને મામલો થાળે પાડ્યો હતો. આ કિસ્સો દર્શાવે છે કે કાયદો સ્ત્રીઓની તરફેણમાં હોવા છતાં, હકીકત જાણ્યા વિના કોઈ નિષ્કર્ષ પર આવવું યોગ્ય નથી. **રિપોર્ટ : સાજીદખાન પઠાણ**

## ચલાલા ડેપો પર એસટી વિભાગનું સરપ્રાઈઝ ચેકિંગ: ડ્રાઈવર-કંડકટર તપાસાયા



**અમરેલી એસટી વિભાગ દ્વારા ચલાલા ડેપો ખાતે બસો અને સ્ટાફનું ચેકિંગ કરાયું. નશાકારક પદાર્થોની હેરફેર રોકવા તંત્ર સક્રિય.**

અમરેલી એસ.ટી. વિભાગ દ્વારા રાજ્ય પરિવહન સેવાની બસોમાં શિસ્ત અને સુરક્ષા જળવાઈ રહે તે માટે કવાયત હાથ ધરવામાં આવી છે. જેના ભાગરૂપે ચલાલા એસ.ટી. ડેપો ખાતે એસ.ટી. તંત્ર દ્વારા આકસ્મિક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. એસ.ટી. વિભાગના ટ્રાફિક કંટ્રોલર દ્વારા ડેપોમાં આવતી-જતી તમામ બસોની તલાશી લેવામાં આવી હતી.

તંત્રને મળેલી બાતમી અને અગમચેતીના પગલારૂપે, એસ.ટી. બસોનો ઉપયોગ નશાકારક પદાર્થોની હેરફેર માટે ન થાય તે સુનિશ્ચિત કરવા આ કાર્યવાહી કરાઈ હતી. વધુમાં, એસ.ટી. બસના ચાલક (ડ્રાઈવર) અને પરિચાલક (કંડકટર) ફરજ દરમિયાન નશાની હાલતમાં છે કે કેમ, તે અંગે પણ સ્થળ પર તપાસ કરવામાં આવી હતી. એસ.ટી. તંત્રની આ સક્રિયતાને કારણે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. વિભાગીય નિયામકના આદેશાનુસાર, આગામી દિવસોમાં પણ જિલ્લાના અન્ય ડેપો પર આ પ્રકારે આકસ્મિક તપાસ ચાલુ રાખવામાં આવશે જેથી મુસાફરોની મુસાફરી વધુ સલામત બની શકે. **રિપોર્ટ : સરફરાઝ ખોખર**

## ધારી: ટ્રાફિક નિયમોના ભંગ બદલ પોલીસની લાલ આંખ



અમરેલી જિલ્લાના ધારી ખાતે પોલીસ વિભાગ દ્વારા સ્પેશિયલ ટ્રાફિક ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. પીઆઈ જાડેજાના માર્ગદર્શન હેઠળ નવયુક્ત પીએસઆઈ આર.વી. રાઠોડે શહેરના વિવિધ વિસ્તારોમાં ચેકિંગ હાથ ધર્યું હતું. આ ડ્રાઈવ દરમિયાન કાર પર પ્રતિબંધિત કાળી ફિલ્મ, લાયસન્સ વગર વાહન ચલાવતા લોકો અને નો-પાર્કિંગમાં વાહનો ઉભા રાખનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પોલીસની આ કડક ઝુંબેશને કારણે શિસ્તહીન વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે, જ્યારે જાગૃત નાગરિકોએ આ કામગીરીને આવકારી છે. **રિપોર્ટ : સરફરાઝ ખોખર**

**ધારીમાં ટ્રાફિક ડ્રાઈવ: PSI રાઠોડ દ્વારા નિયમભંગ સામે કાર્યવાહી**